


# વિશ્વનાટકના શાશ્વત સિધ્ધાંતો

બ્ર. કુ. પ્રફુલચંદ્ર



## પ્રસ્તાવના :-

આપણા શાસ્ત્રો, વિશ્વની પુરાતન સંસ્કૃતિઓ, આજના જમાનાના શેક્સપિયર જેવા સાહિત્યકાર તેમજ અન્ય મહાન તત્વજ્ઞાનીના મત અનુસાર સમગ્ર વિશ્વ એક બેહદનું નાટક છે. જેમાં સૂર્ય મંડળનો આ પૃથ્વી ગ્રહ રંગમંચ છે. આ બેહદના નાટકમાં આપણે સર્વ મનુષ્ય આત્માઓ એક્ટર છીએ તેમજ સર્વ ધર્મની આત્માઓનો પરમપિતા પરમાત્મા ડાયરેક્ટર છે. પ્રત્યેક આત્મા પોત-પોતાનો નિશ્ચિત થયેલો પાર્ટ ભજવી રહ્યા છે. આ નાટક અંતર્ગત અનેકાનેક ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે, અનેક ઘટનાઓ ઘટતી રહે છે તેમજ અનેક પરિવર્તનો પણ થતાં રહે છે. ખૂબજ સુચારુ રૂપે ચાલતી આ બધી જ પ્રવૃત્તિઓ તેમજ પરિવર્તનો પરના નિયંત્રણ માટે તેમજ તેના વ્યવસ્થિત સંચાલન માટે કેટલાક ચોક્કસ સિદ્ધાંતો હોવા અત્યંત આવશ્યક છે. આ વિશ્વનાટક કોઈ અકસ્માત ન હોઇ શકે તેમજ ન તો તે અંધાધુંધ હોઈ શકે. આપણે જાણીએ છીએ કે એક પદાર્થ જ્યારે ગતિ કરે છે ત્યારે તેની ગતિ ચોક્કસપણે ન્યુટનના સિધ્ધાંતને આધીન હોય છે. તે પોતાની રીતે મનસ્વી ગતિ કરી ન શકે. તેજ રીતે પુરુષ-મનુષ્ય આત્માઓ (Man) , પ્રકૃતિ-જડસૃષ્ટિ (Matter) અને પરમાત્મા (God) વચ્ચે ખેલાઈ રહેલું આ નાટક અનેક શાશ્વત સિધ્ધાંતો પર ચાલી રહ્યું છે. અને આ સિધ્ધાંતો આવશ્યક પણ છે,

આપણાં શાસ્ત્રોમાં બ્રહ્માંડ વિષે જે ઉલ્લેખ કરવામાં આવ્યા છે તે અનુસાર, કેટલાક તત્વચિંતકોની વિચારધારા અનુસાર તેમજ આધુનિક વિજ્ઞાનના કેટલાંક સંશોધનોના આધારે હવે એ વાત સ્પષ્ટ થઇ ગઈ છે કે સમગ્ર બ્રહ્માંડ ત્રણ લોકનું બનેલું છે.

### ૧. સાકાર મનુષ્યલોક (Corporeal World) :-

પ્રકૃતિના પાંચ જડ તત્વોઃ આકાશ, પૃથ્વી, જળ, વાયુ, અને અગ્નિનું જ્યાં અસ્તિત્વ છે તે દુનિયા એ સાકાર મનુષ્યલોક છે, જેમાં સમગ્ર અંતરીક્ષ(Space) નો તેમજ તેમાં આવેલા સૂર્યમંડળના ગ્રહો, ઉપગ્રહો, તારામંડળો, આકાશગંગાઓ, વગેરેનો સમાવેશ થાય છે. પૃથ્વી જે સૂર્યમંડળનો એક ગ્રહ છે, તે આ સાકાર મનુષ્યલોકમાં અત્યંત મહત્વનું સથાન ધરાવે છે કારણકે મનુષ્ય આત્માઓ સાકાર શરીર ધારણ કરી આ પૃથ્વી ગ્રહ પર પોતાનો પાર્ટ ભજવે છે.

## ૨. સુક્ષ્મલોક (Subtle World) :-




સાકરી દુનિયાથી પાર અર્થાત્ પ્રકૃત્તિના પાંચ તત્ત્વોથી પણ પાર એક આકારી દુનિયા અર્થાત્ સુક્ષ્મલોક અસ્તિત્વ ધરાવે છે. આ દુનિયા સૂર્ય, ચંદ્ર અને તરાગણથી પણ પારની દુનિયા છે. આ સ્થાનમાં મનુષ્યાત્મા પોતાનું સુક્ષ્મ શરીર (Astral Body) ધારણ કરી નિવાસ કરે છે તેમજ અનેકવિધ પ્રવૃત્તિઓ પણ કરે છે. પારભૌતિક વૈજ્ઞાનિકો (Metaphysicists) તેમજ પરામનોવૈજ્ઞાનિકો (Parapsychologists) પણ સુક્ષ્મ શરીરના અસ્તિત્વને તેમજ સુક્ષ્મલોકના અસ્તિત્વને સમર્થન આપે છે.

## 3. પરલોક (Incorporeal World):-

સફેદ પ્રકાશના સુક્ષ્મલોકની પાર એક વિસ્તાર છે જેને પરલોક, બ્રહ્મતત્ત્વ, નિરાકારી દુનિયા યા પરમધામ પણ કહેવાય છે, જ્યાં અનંત સુધી સોનેરી લાલ પ્રકાશ ફેલાયેલો છે, જેનું વર્ણન શાસ્ત્રોમાં છઠ્ઠા બ્રહ્મ મહતત્ત્વ તરીકે કરવામાં આવ્યું છે. આ સ્થાનમાં કશું જ સાકાર નથી તેમજ ત્યાં કોઈ આકાર નથી. એકદમ શાંતિ ફેલાયેલી છે. અહિંયા આત્મા પોતાની સંપૂર્ણ નિરાકારી બિંદુ સ્થિતિમાં અર્થાત્ બીજરૂપ સ્થિતિમાં નિવાસ કરે છે. સ્થૂળ તેમજ સુક્ષ્મ શરીરના ભાનને સંપૂર્ણપણે ભૂલી ચુકેલી આત્મા જ તે સ્થાનમાં પ્રવેશ કરી શકે છે. શાસ્ત્રોમાં આત્મા તેમજ પરમાત્માનું મૂળનિવાસ સ્થાન નિરાકારી દુનિયા છે તેમ સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે તેમજ તેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં તેની વિશેષતાઓના આધારે જુદાં જુદાં નામથી કરવામાં આવ્યો છે. જેમકે પરમધામ; શાંતિધામ; મુક્તિધામ નિર્વાણધામ; બ્રહ્મલોક; મૂળવતન; અક્ષયધામ; અક્ષરધામ

ઉપરોક્ત ત્રણ લોકમાં આત્માનું તેમજ પરમાત્માનું મૂળ નિવાસ સ્થાન, સાકાર લોક તેમજ સુક્ષ્મલોકથી પરે, પરમધામમાં આવ્યું છે જ્યાંથી આત્માઓ સાકાર લોકમાં પૃથ્વીરૂપી રંગમંચ પર શરીરરૂપી વસ્ત્રને ધારણ કરી

પાર્ટ ભજવવા માટે આવે છે. આ સંધર્ભમાં પરમ ધામ એ નાટકનું નેપથ્ય છે. પરમાત્માનો પણ આ વિશ્વ નાટકમાં નિયામકના રૂપમાં ચોક્કસ પાર્ટ છે.

. આગળ ઉપર આપણે જોયું કે આ વિશ્વનાટક અનેક શાશ્વત સિધ્ધાંતો પર ચાલી રહ્યું છે અને આ સિધ્ધાંતો આવશ્યક પણ છે. જેમ પોલીસ ખાતા માટે પોલીસ મેન્યુઅલ હોય છે, ન્યાય માટે પીનલ કોડે છે, રાષ્ટ્રના સંચાલન માટે બંધારણના નિયમો હોય છે. તેવી જ રીતે સમગ્ર વિશ્વ નાટકના સંચાલન માટે પણ કેટલાંક સિદ્ધાંતો જરૂર હોવા જ જોઇએ, જેમાંના કેટલાક સિદ્ધાંતો નીચે પ્રમાણે છે.

(૧) વિશ્વ નાટકની શાશ્વતતાનો સિદ્ધાંત (Law of Eternity)

(૨) વિશ્વ નાટકની ચક્રિયતાનો સિદ્ધાંત (Law of Cyclicity)

(૩) વિશ્વ નાટકના હુબહૂ પુનરાવર્તનનો સિદ્ધાંત (Law of Identical Repeatation)

(૪) વિશ્વ નાટકની અવ્યવસ્થામાં થતા વધારાનો સિદ્ધાંત (Law of Increasing Entrophy)

(૫) પુનર્જન્મનો સિદ્ધાંત (Law of Rebirth)

(૬) કર્મનો સિદ્ધાંત (Law of Karma)

## (૧) વિશ્વ નાટકની શાશ્વતતાનો સિદ્ધાંત :-

સર્વ પ્રથમ આપણે એ સમજીશું કે આ બેહદનું વિશ્વ નાટક શાશ્વત અને સનાતન છે. અનાદિ સમયથી આ પૃથ્વી રંગમંચ પર ભજવાતું આવ્યું છે અને અનંત સુધી ભજવાતું રહેશે. આને આપણે વિશ્વ નાટકની શાશ્વતતાનો સિદ્ધાંત કહીશું (Law of Eternity). આવો, આપણે આ સિદ્ધાંતને સમજીએ.

- આ વિશ્વ નાટકમાં મનુષ્યાત્માઓ એકટર્સ છે અને પરમાત્મા ડાયરેક્ટર છે. આપણે સૌ સ્વીકારીએ છીએ કે આત્મા અને પરમાત્મા બંને શાશ્વત અને સનાતાન છે અર્થાત્ અનાદિ સમયથી તેમનું અસ્તિત્વ છે અને અનંત સમય સુધી જળવાઈ રહેવાનું છે. આત્મા કદી જન્મ્યો નથી તેમજ

નથી તેનું કદી મૃત્યુ. હવે માનીલો કે આ વિશ્વ નાટક શાશ્વત અને સનાતન નથી અર્થાત્ તેનું કોઈ ચોક્કસ સમયે સર્જન થયું છે તેમજ તેનો કોઈ ચોક્કસ સમયે અંત છે. તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે નાટકના સર્જન સમય પહેલાં તેમજ નાટકના અંતના સમય બાદ આત્મા અને પરમાત્માના ક્યાં હશે? અને શું કરતાં હશે? અર્થાત નાટકના પાર્ટ વગર આત્માઓના તેમજ પરમાત્માના અસ્તિત્વનું કોઈ જ વજૂદ રહેતું નથી. આથી એ વાત સ્પષ્ટ થઇ જાય કે આત્મા અને પરમાત્માની શાશ્વતતા અને સનાતનતાની સાર્થકતા વિશ્વ નાટકની શાશ્વતતા અને સનાતનતામાં સમાયેલી છે. એટલે જેમ વિશ્વનાટકના એક્ટર આત્માઓ અને ડાયરેક્ટર પરમાત્મા શાશ્વત છે, તે જ પ્રમાણે આ વિશ્વ નાટક પણ શાશ્વત અને સનાતન છે અને આત્માઓ તેમજ પરમાત્માનો પાર્ટ પણ શાશ્વત-સનાતન છે.

- આજનું વિજ્ઞાન પણ આ સૃષ્ટિની શાશ્વતતા અને સનાતનતાને સમર્થન આપે છે. ભૌતિકશાસ્ત્રના દ્રવ્યસંચયના નિયમ (Law of Conservation of Mass) થી તેમજ શક્તિસંચયના નિયમ (Law of Conservation of Energy) થી આ વાત સ્પષ્ટ થાય છે.

**દ્રવ્યસંચયનો નિયમ :** "દ્રવ્યને કે પદાર્થને ઉત્પન્ન કરી શકાય નહિં તેમજ તેનો નાશ પણ કરી શકાય નહિ, પરંતુ તેનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર થઇ શકે છે" અર્થાત્ બ્રહ્માંડમાં દ્રવ્યોનો કુલ જથ્થો અનાદિ સમયથી અસ્તિત્વ ધરાવે છે અને અનંત સમય સુધી તેનું અસ્તિત્વ જળવાઈ રહેશે. બીજા શબ્દોમાં બ્રહ્માંડમાંનો દ્રવ્યોનો કુલ જથ્થો અનાદિ અવિનાશી છે.

**શક્તિસંચયનો નિયમ :** "ભૌતિક શક્તિને ઉત્પન્ન કરી શકાય નહીં તેમજ તેનો નાશ પણ કરી શકાય નહીં પણ તેનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર થઇ શકે છે " અર્થાત્ બ્રહ્માંડમાં ભૌતિક શક્તિનો કુલ જથ્થો અનાદિ સમયથી અસ્તિત્વ ધરાવે છે અને અનંતકાળ સુધી તેનુ અસ્તિત્વ જળવાઈ રહેશે. બીજા શબ્દોમાં બ્રહ્માંડમાંનો શક્તિનો કુલ જથ્થો અનાદિ, અવિનાશી છે.

ઉપરોક્ત મુદ્દાના આધારે સમજી શકાય તેમ છે કે આ વિશ્વ નાટક શાશ્વત, સનાતન, નિત્ય તેમજ અનાદિ, અવિનાશી, અનંત છે.

## ૨) વિશ્વ નાટકની ચક્રીયાતાનો સિદ્ધાંત :-

વિશ્વ નાટક વિષે બીજો મહત્વનો સિધ્ધાંત છે 'આ વિશ્વ નાટક એક ચક્રના રૂપમાં અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને અનંત સુધી ચાલતું રહેશે. તેને આપણે વિશ્વ નાટકની ચક્રીયતાનો સિદ્ધાંત (Law of Cyclicity) પણ કહી શકીએ. આધુનિક વિજ્ઞાને પણ આ વાતનો સ્વીકાર કર્યો છે.

- વિજ્ઞાન કહે છે કે આ વિશ્વમાં કોઈ પણ પરિવર્તનશીલ પ્રક્રિયા અનાદિ સમયથી ચાલતી આવતી હોય અને તેને અનંતકાળ સુધી ચાલવાનું હોય તો આ પરિવર્તન ચક્રીય હોવું જરૂરી છે.
- વિશ્વના પ્રખર તત્ત્વજ્ઞાનીઓએ તેમજ વૈજ્ઞાનિકોએ વિશ્વ અંગેના તેમના અભ્યાસ તેમજ દર્શન બાદ એ સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે આ વિશ્વમાં જે કોઈ ઘટનાઓ ઘટી રહી છે, જે કાંઈ ચાલી રહ્યું છે, બની રહ્યું છે અથવા જે કોઈ  ભૌતિક તેમજ આધિભૌતિક પ્રક્રિયાઓ થઇ રહી છે તે બધી જ ચક્રીય છે અને દરેકને પોતાનો આગવો આવર્તનકાળ છે. કેટલાંક તત્વચિંતકોએ એમ પણ વાત કરી છે કે, આ વિશ્વમાં બધું જ કંપન અથવા આંદોલનની સ્થિતિમાં છે (Everything in the world is vibrating or oscillating). કંપન અથવા આંદોલન એ ચક્રીય પ્રક્રિયા છે. આમાં કેટલાંક ઉલ્લેખનીય ચક્રો આ પ્રમાણે છે : દિવસ અને રાત્રિનું ચક્ર, જેનો આવર્તન કાળ ૨૪ કલાકનો છે; ૩૬૫ દિવસનું ઋતુઓનું ચક્ર (શિયાળો-ઉનાળો-ચોમાસું); જન્મ-મૃત્યુ અને પુનર્જન્મનું ચક્ર; બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજાનું ચક્ર, મરઘી માંથી ઈંડું અને ઈંડામાંથી મરઘીનું ચક્ર.    આવાં તો અનેકાનેક ચક્રો વર્ણવી શકાય. ઉપરોક્ત ચક્રોના સંદર્ભમાં દિવસ પહેલો કે રાત; પહેલું વૃક્ષ કે બીજ; જન્મ પહેલો કે મૃત્યુ. આનો ઉત્તર કોઈની પાસે નથી કારણકે આ ચક્રો અનાદિ સમયથી ચાલતાં આવ્યાં છે અને અનંત સમય સુધી ચાલતા રહેશે. આ દુનિયા પોતે જ કારણ અને તેનાથી ઉત્પ્પન્ન થતી અસરનું એક ચક્ર છે. જે ચક્રનું અનંત વખત પુનરાવર્તન થઇ ચુક્યું છે, તેમજ અનંત વખત પુનરાવર્તન

થતું રહેશે. અર્થાત્ આ સૃષ્ટિ રૂપી નાટક પોતે જ એક બૃહદ્ આવર્તન કાળવાળું ચક્ર છે જેના અંતર્ગત નાના આવર્તન કાળવાળા અનેકાનેક ચક્રો ચાલ્યા કરે છે.

- ગણિતશાસ્ત્રમાં ભૂમિતિ શાખાની બે રાશીઓ-રેખાખંડો અને વર્તુળોનો દાખલો લઇ ને વિચાર કરીએ તો સમજાશે કે રેખાખંડને બે છેડા છે. જો એક છેડાને આદિ ગણવામાં આવે તો બીજો છેડો અંત બને છે. અર્થાત્ જેનો આદિ છે તેનો અંત છે. પરંતુ આપણે દોરેલા વર્તુળને જોઇએ તો આપણે નહીં કહી શકીએ કે તેની શરરુઆત ક્યાં છે અને અંત ક્યાં છે ? અર્થાત્ ફક્ત ચક્રના રૂપમાં ફરતી પ્રક્રિયા જ અનાદિ અનંત હોઈ શકે.
- આ ઉપરાંત આધુનિક વિજ્ઞાનના બે સિદ્ધાંતો“ ન્યુટનનો ગુરૂત્વાકર્ષણનો નિયમ” (Newton’s Law of Gravitation) અને “આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ” (Einstein Theory of Relativity) થી એ વાત હવે સાબિત થઇ ચુકી છે કે આ વિશ્વમાં કશું જ સ્થિર નથી. બધું જ ગતિશીલ છે અને આ બધી જ ગતિશીલ પ્રક્રિયાઓ ચક્રિય (Cyclic) છે. ઉપરોક્ત બે સિદ્ધાંતોથી એ વાત પણ હવે સ્પષ્ટ થઇ ચુકી છે કે સમય પોતે જ રેખીય નથી પરંતુ ચક્રીય છે (Time is not linear but it is Cyclic) વિશ્વમાં ચાલતી બધીજ ભૌતિક તેમજ આધિભૌતિક ક્રિયાઓ સમયાધીન છે. જો સમય પોતે જ ચક્રીય હોય તો દરેક ક્રિયા પણ ચક્રિય જ હોવી જોઇએ.
- ફોરિયર નામનો એક મહાન ગણિતશાસ્ત્રી થઇ ગયો, મૂળ તો એ એક ખલાસી હતો. દરિયામાં ઉછળતાં મોજાંમાંથી તેણે પ્રેરણા લઇ એ નિશ્ચિત કર્યું કે દુનિયામાં અસ્ત-વ્યસ્ત (Random) દેખાતી કેટલીક પ્રણાલીઓ તેમજ પ્રક્રિયાઓ અંતે તો વિવિધ આવર્તનકાળ (**Periodic Time**) તેમજ કંપવિસ્તાર (**Amplitude**) ધરાવતી અનેક ચક્રિય પ્રક્રિયાઓનું એકીકરણ (Conglomeration) છે અર્થાત્ દુનિયામાં બધું જ ચક્રિય છે.
- આર્ય સંસ્કૃતિ અને બૌદ્ધધર્મીઓ પણ સ્પષ્ટપણે માને છે કે સમય માત્ર ચક્રની જેમ વર્તુળાકારે ગતિ કરે છે (Time is Cyclic) અને આગળ વધે છે, પરંતુ એનો એ સમય ફરીથી પાછો આવે છે. આ વિશ્વ નાટકમાં એના એ કાળખંડોનું પુનરાવર્તન થાય છે. (History repeats itself).

- ગીતામાં પણ કહ્યું છે કે

**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।**
**हेतुनानेन कौन्तेय जगर्विपरिवर्तते ॥**
**(अध्याय -९, श्लोक - १०)**

અર્થાત્ હે કૌન્તેય ! મારી દેખરેખ નીચે જડ અને ચેતન પ્રકૃતિ પરિવર્તન પામે છે. આ કારણે જ સૃષ્ટિની ઉત્પત્તિ અને વિનાશનું ચક્ર સદાકાળ ફર્યા કરે છે.



## (3) વિશ્વ નાટકના હુબહૂ પુનરાવર્તનનો સિધ્ધાંત :-

વિશ્વ નાટકનો ત્રીજો મહત્ત્વનો સિધ્ધાંત છે 'વિશ્વ નાટકના હુબહૂ પુનરાવર્તનનો. આ ચક્રિય વિશ્વ નાટકનું હુબહૂ પુનરાવર્તન થયા કરે છે. જેને આપણે "વિશ્વ નાટકના હુબહૂ પુનરાવર્તનનો સિધ્ધાંત" (Law of Identical Repeatation) કહી શકીએ.

- આધુનિક વિજ્ઞાન અનુસાર આ અનાદિ-અવિનાશી **(Eternal)** વિશ્વ નાટક ચક્રીય તો હોવું જ જોઈએ છે, પરંતુ ફક્ત તેનું ચક્રીય હોવું પર્યાપ્ત નથી, આ ચક્રનું હુબહૂ પુનરાવર્તન પણ થતું રહેવું જોઈએ. જો તેનું હુબહૂ પુનરાવર્તન ન થાય તો નાટક અનંત સમય સુધી ચાલી ન શકે તેમજ તે અનાદિ પણ ન હોઇ શકે.
- કંપનશાસ્ત્રના એક સિધ્ધાંત પ્રમાણે કોઈ પણ ચક્રીય પ્રક્રિયાનું અથવા પ્રણાલીનું એક ચક્ર બીજા ચક્રથી, આવર્તનકાળની દ્રષ્ટિએ અથવા કંપવિસ્તારની દ્રષ્ટિએ, ભિન્ન હોય અથવા બદલાતું રહેતું હોય તો તે પ્રણાલીનો સમયાંતરે વિસ્તાર (divergence) થાય છે અને અંતે વિસ્ફોટ થઇ તેનો અંત આવે છે. અથવા પ્રણાલીનું અભિસરણ (Convergence) થાય છે અને અંતે ધીમે ધીમે મંદ પડી સ્થગિત થઇ જાય છે. એટલે જો કોઈ પણ ચક્રીય પ્રણાલીને અવિરતપણે અનંત સુધી ચાલુ રાખવી હોય તો દરેક ચક્રનું હુબહૂ પુનરાવર્તન થવું આવશ્યક છે. આ સિદ્ધાંત પ્રમાણે

આ ગતિશીલ તેમજ પરિવર્તનશીલ તેમજ શાશ્વત સૃષ્ટિ નાટકના ચક્રને જો અનંત સમય સુધી ચાલવાનું હોય તો તે ચક્રિય હોય એટલું પૂરતું નથી પણ તેનું હુબહૂ પુનરાવર્તન થવું એ પણ એટલું જ જરૂરી છે. ગીતામાં પણ આ સૃષ્ટિ અર્થાત્ વિશ્વ નાટકનું સર્જન અને વિનાશનું વારંવાર પુનરાવર્તન થાય છે, એની વાત કહી જ છે.

**सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।**

**कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृज्याम्यहम् ॥ (अध्याय ९, श्लोक - ७)**

અર્થાત્ હે કૌન્તેય ! કલ્પને અંતે બધાં પ્રાણી મારી પ્રકૃતિમાં પ્રવેશે છે અર્થાત્ મારામાં સમાઈ જાય છે. અને પછીના કલ્પનો આરંભ થતાં હું સૌનું મારી શક્તિથી ફરી સર્જન કરું છું.

**प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।**

**भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ (अध्याय ९, श्लोक -८)**

અર્થાત્ સમસ્ત સૃષ્ટિ મારી પ્રકૃતિને આધીન છે. મારી પ્રકૃતિ વડે આ સૃષ્ટિનું વારંવાર સર્જન થાય છે અને મારા જ સંકલ્પથી અંતે તેનો વિનાશ થાય છે.

## વિશ્વ નાટકોનો આવર્તનકાળ ૫૦૦૦ વર્ષ :-

ઉપરોક્ત ચર્ચાથી એ વાત સમજાઈ ગઈ હશે કે આ સૃષ્ટિ નાટક અનાદિ અને અવિનાશી છે જે એક ચક્રના રૂપમાં ચાલ્યા કરે છે અને સાથે સાથે આ સૃષ્ટિ-ચક્રનું હુબહૂ પુનરાવર્તન થતું રહે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આ સૃષ્ટિ નાટકના એક પૂર્ણ બૃહદ્ચક્ર (Mega Cycle) નો કલ્પ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેનો સમય ફક્ત ૫૦૦૦ વર્ષનો છે. વિજ્ઞાનની ભાષામાં



આ કલ્પરૂપી બૃહદ્ચક્ર નો આવર્તાનકાળ (**Periodic Time**) ૫૦૦૦ વર્ષનો છે. શ્રેષ્ઠમાંથી કનિષ્ઠ અને કનિષ્ઠમાંથી શ્રેષ્ઠ, એમ પરિવર્તન પામતાં આ સૃષ્ટિ-ચક્રનો શરૂઆતનો અડધો ભાગ બ્રહ્માના દિવસ તેમજ બીજો અડધો ભાગ બ્રહ્માની રાત્રિ તરીકે ઓળખાય છે. બ્રહ્માના દિવસના પણ બે ભાગ બતાવ્યા છે જે સૃષ્ટિચક્રની શરૂઆતના સતયુગ અને ત્રેતાયુગ છે તેજ પ્રમાણે બ્રહ્માની રાત્રિના પણ બે ભાગ બતાવ્યા જે દ્વાપરયુગ અને કળયુગ છે. આમ આ સૃષ્ટિચક્ર ચાર યુગોનું ચક્ર છે.

હવે આજના આ વર્તમાન સમય પર દષ્ટિપાત કરતા એ સહજ સમજાય તેમ છે કે પ્રવર્તમાન સમય એ સૃષ્ટિ નાટકનો કનિષ્ઠમાં કનિષ્ઠ સમય છે. અર્થાત કળીયુગનો પણ અંતિમ સમય છે. આ વિશ્વ નાટકનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સમય એ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના કાર્યકાળને ગણાવી શકાય કે જે સમયે સોનાની દ્વારિકા હતી. હવે શાસ્ત્રો એમ કહે છે કે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો જન્મ આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં થયો હતો. એટલે આપણે એમ કહી શકીએ કે આ પરિવર્તનશીલ સૃષ્ટિ નાટકનું શ્રેષ્ઠ સતયુગ માંથી કનિષ્ઠ કળયુગમાં જે પરિવર્તન થાય છે તેને ૫૦૦૦ વર્ષનો સમય લાગે છે.

ખ્રિસ્તી ધર્મમાં પણ એમ માનવામાં આવે છે કે ઈશુખ્રિસ્તથી ૩૦૦૦ વર્ષ પહેલા વિશ્વમાં પેરેડાઈઝ – સ્વર્ગ હતું. અર્થાત સતયુગ હતો. ઈશુખ્રિસ્ત આજથી ૨૦૦૦ વર્ષ પહેલા થઈ ગયા તે આપણે જાણીએ છીએ. અર્થાત આજથી ૫૦૦૦ વર્ષ પહેલા સતયુગ હતો. આજનો સમય કળયુગ નો અંતિમ સમય છે તે આપણને દેખાઈ રહ્યું છે. એટલે આ સંધર્ભમાં પણ આ વિશ્વ નાટક ૫૦૦૦ વર્ષનું થાય છે.

આજનું આધુનિક વિજ્ઞાન પણ એમ માને છે કે આ સૃષ્ટિ ચક્રનો આવર્તનકાળ ૫૦૦૦ વર્ષોથી ઓછો ન હોઈ શકે. આગળ આપણે ત્રણ લોકનીઆપણે ચર્ચા કરી ચૂક્યા છે. તેમાં આપણે જોયું કે સાકારી લોકને સીમા છે અને એ સીમાને પાર બીજા બે લોક છે. આજનું વિજ્ઞાન પણ હવે એ વાતનો સ્વીકાર કરે છે કે અંતરિક્ષને સીમા છે. તેઓ એ આ અંતરિક્ષના ગોળાર્ધનો વ્યાસ કોઈ ચોક્કસ થીએરીના આધારે શોધી કાઢ્યો છે.. પોઈનકેર(Poincare) અને ડિકાર(Dicar) નામના બે વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રમાં

કામ કરી અંતરિક્ષના  વ્યાસ અને ઈલેક્ટ્રોનના વ્યાસનો ગુણોત્તર શોધી કાઢ્યો છે, જે ગુણોત્તરને ડિકાર નંબર કહેવામાં આવે છે. આ બે વૈજ્ઞાનિકો ઈલેક્ટ્રોનના વ્યાસને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ જેવા સુક્ષ્મ વિજાણું સાધનો દ્વારા માપી શક્યા છે, જેને કારણે ડિકાર નંબરનો ઉપયોગ કરી તેઓએ અંતરિક્ષના વ્યાસનું માપ તેમજ તેના પરીઘનું માપ પ્રાપ્ત કર્યું છે. હવે વિજ્ઞાન કહે છે કે, જો આ સૃષ્ટિરૂપી નાટકનું હુબહૂ પુનરાવર્તન થતું હોય તો કોઈપણ સ્થાનેથી ઉદ્ભવતા પ્રકાશનાં કિરણને આખા અંતરિક્ષના પરીઘના અંતરને કાપીને પોતાના સ્થાને પરત આવવાનો સમય ઉપલબ્ધ હોવો જોઇએ. હવે સૂર્ય પ્રકાશના કિરણને અંતરિક્ષના પરિઘ જેટલું અંતર પ્રકાશની ગતિથી (**3,00,000** કી.મી. પ્રતિ સેકન્ડ) કાપવાનું હોય તો આશરે ૫,૦૦૦ વર્ષ લાગે. એટલે એમ કહી શકાય કે હુબહૂ પુનરાવર્તન પામતા સૃષ્ટિરૂપી નાટકનો સમય પાંચ હજાર વર્ષ કરતાં ઓછો ન હોઈ શકે.

વર્તમાન સંગમયુગ પર નિરાકાર જ્યોર્તિસ્વરૂપ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના તન દ્વારા પાંચ હજાર વર્ષના આ સૃષ્ટિ નાટકના આદિ, મધ્ય અને અંતનો ઈતિહાસ સમજાવ્યો છે. હવે જો આપણે ઈતિહાસ પર નજર નાંખીએ તો આજે આપણી પાસે આશરે ૨૫૦૦ વર્ષનો પ્રામાણિત ઈતિહાસ ઉપલબ્ધ છે. આ ૨૫૦૦ વર્ષના ઇતિહાસની તુલના પરમાત્માએ વર્ણવેલા પાંચ હજાર વર્ષના ઇતિહાસની સાથે કરવામાં આવે તો, આ ૨૫૦૦ વર્ષનો પ્રામાણિત ઈતિહાસ સૃષ્ટિ નાટકના દ્વાપરયુગ તથા કલિયુગના સમય સાથે હુબહૂ મળતો આવે છે. આ આધારે એ નિશ્ચિત થાય છે કે દ્વાપરયુગ તથા કલિયુગનો સમય ૨૫૦૦ વર્ષનો છે. હવે જ્યારે સૃષ્ટિ નાટકના ચારેય યુગ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ સરખા છે ત્યારે  આખા સૃષ્ટિ ચક્રનો સમય ૫૦૦૦ વર્ષથી વધારે ન હોઈ શકે.

## ૪) વિશ્વ નાટકની અવ્યવસ્થામાં થતા વધારાનો સિધ્ધાંત:

વિશ્વ નાટકના આગાઉ દર્શાવેલ સિધ્ધાંતો અનુસાર આપણે જોયું કે વિશ્વમાં બધુંજ પરિવર્તનશીલ છે તેમજ બધાજ પરિવર્તનો ચક્રિય છે. તેમાં થતાં પરિવર્તનો શ્રેષ્ઠથી કનિષ્ઠ તરફ, વ્યવસ્થામાંથી અવ્યવસ્થા તરફ; અને

નૂતનમાંથી જીર્ણતા તરફ ગતિમાન હોય છે.  અર્થાત્ આ વિશ્વ નાટકના ચક્રમાં કોઈ પણ નૂતન પદાર્થ, પ્રાણી કે પરિસ્થિતિ સમયના વહેણ સાથે યથાવત્ નૂતન રહેતી નથી. વિશ્વ નાટકના બૃહદ્ ચક્રનો આદિ સમય શ્રેષ્ઠ અર્થાત્ સત્ યુગી છે તો અંતનો કલિયુગી સમય કનિષ્ઠ છે. મનુષ્યના જીવન ચક્રમાં પણ બાલ્યાવસ્થાથી શરુ થયેલી ગતિ અંતની વૃદ્ધાવસ્થા તરફની છે. કોઈ પણ નવું મકાન બીજી ક્ષણે નવું રહેતું નથી, સમયાંતરે સતત જીર્ણ થતું જાય છે. આ સિધ્ધાંત અનુસાર સૃષ્ટિ નાટકમાં પાર્ટ ભજવનાર દરેક આત્માની આધ્યાત્મિક ઊર્જા આદિ સમયે સતોપ્રધાન હોય છે. પરંતુ સમયાંતરે અને જન્માંન્તારે તે રાજોપ્રધાન અને ચક્રના અંતે તમોપ્રધાન બને છે.

આ સિધ્ધાંતને આધુનિક વિજ્ઞાન પણ સમર્થન આપે છે. ભૌતિક વિજ્ઞાનમાં થેર્મોડાયનામિક્સનો બીજો સિધ્ધાંત (Second Law of Thermodynamics) પણ અવ્યવસ્થામાં થતાં વધારા (Increasing Entrophy) ની જ વાત કરે છે. થેર્મોડાયનામિક્સના પ્રથમ સિધ્ધાંત અનુસાર ઊર્જાનું સ્વરુપ બદલી શકાય છે, પરંતુ તેનું સર્જન કે તેને નષ્ટ કરી શકાય નહીં (Law of Conservation of Energy).  થેર્મોડાયનામિક્સના દ્વિતીય સિધ્ધાંત અનુસાર જયારે ઉપલબ્ધ્ધ ઊર્જા એક સ્વરુપમાંથી બીજા સ્વરુપમાં બદલાય છે ત્યારે ઉપલબ્ધ્ધ ઊર્જાનું સંપૂર્ણ પરીવર્તન થતું નથી. તેનો થોડી માત્રામાં વ્યય થાય છે. આ પરિવર્તિત ઊર્જાની માત્રામાં થતા ઘટાડાને



એન્ટ્રોપી-અવ્યવસ્થા કહેવાય છે જે હમેશાં વધતી જાય છે. આમ શ્રેષ્ઠથી કનિષ્ઠ અથવા પાવાનમાંથી પતિત અવસ્થામાં પહોંચેલાં વર્તમાન સૃષ્ટિચક્રને પુનઃ ચાલુ રાખવા માટે તથા તેના પરિવર્તન માટે આ ચક્રને ઊર્જાથી ફરી સંપન્ન કરવું જરૂરી બની જાય છે. પરંતુ આ ત્યારે જ શક્ય બને છે જયારે ઊર્જાના પરમસ્રોત, સર્વશક્તિમાન, પરમપિતા પરમાત્મા પોતાની દિવ્યઊર્જા દ્વારા પ્રવર્તમાન તમોપ્રધાન કલિયુગી દુનિયાનું પરિવર્તન કરવા કાર્યાન્વિત થાય છે. સતયુગ તેમજ કળયુગ વચ્ચેનો આજનો આ સંગમયુગનો વર્તમાન સમય પરમાત્માના અવતરણ તેમજ તેને કાર્યાન્વિત થવાનો સમય છે. નિરાકાર જ્યોતિસ્વરૂપ પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા વિશ્વનું દીવ્યીકરણ કરી સુવર્ણયુગની સ્થાપના કરી રહ્યા છે. .

## ૫) પુનર્જન્મનો સિધ્ધાંત :

છે. આ મૃત્યુ મારું નહીં પરંતુ મારા શરીરનું થાય છે. શરીર છોડયા બાદ આ સિધ્ધાંત અનુસાર જેમ જે જન્મ્યો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે તેમ જે મૃત્યુ પામ્યો છે તેનો જન્મ પણ નિશ્ચિત છે. શરીર જીર્ણ થયે અથવા અન્ય કારણસર બિનઉપયોગી બને ત્યારે હું આત્મા તે શરીર છોડી દઉં છું જે ઘટના માટે મૃત્યુ શબ્દ પ્રયોગ કરવામાં આવે હું આત્મા નિશ્ચિતરૂપે, નિર્ધારિત સમયે માતાના ગર્ભમાં વિકાસ પામી રહેલાં ભૃણમાં પ્રવેશ કરું છું અને નિર્ધારિત સમયે પૂર્ણ વિકસીત બાળકના રૂપમાં માતાના ગર્ભમાંથી બહાર આવું છું જેના માટે જન્મ શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. આ મારા નવા શરીરમાં નવા જીવનની શરૂઆત છે. હું આત્મા શરીર છોડયા પછી પણ મારા વ્યક્તિત્વના વિવિધ પાસા જેવાં કે સંસ્કાર, સ્વભાવ, આદત, અભિગમ, વૃત્તિ, વગેરેને જાળવી રાખું છું, જે મારા બીજા નવા જન્મમાં પણ મારા વિચાર, વાણી તેમજ વર્તન દ્વારા પ્રત્યક્ષ થતા રહે છે.

આ સૃષ્ટિ નાટકના ચક્રમાં હું આત્મા અનેક જન્મો લઉં છું. સતયુગ ત્રેતાયુગના શરૂઆતના જન્મોમાં હું સતોપ્રધાન હોઉં છું. મધ્યમાં

દ્વાપરયુગના કેટલાંક જન્મો હું રજોગુણમાં પસાર કરું છું અને ચક્રના અંતિમ કળયુગના જન્મોમાં હું તમોગુણી બનું છું. સૃષ્ટિનાટકના કલ્પરૂપી એક ચક્રમાં એક મનુષ્ય આત્મા ઓછામાં ઓછા એક થી માંડીને વધુમાં વધુ 84 જન્મો લે છે.

## મનુષ્ય આત્મા મનુષ્ય યોનિમાં જ જન્મ લે છે:

હું આત્મા બીજરૂપ છું, મારું બીજ મનુષ્યનું બીજ છે એટલે મારા બધાં જ જન્મો મનુષ્યના રૂપમાં જ હોય છે. પશુ, પક્ષી કે અન્ય યોનિમાં જન્મ લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ સિદ્ધાંત પરામનોવિજ્ઞાનમાં થયેલા અનેક પ્રયોગો દ્વારા સાબિત થયેલો છે વિશ્વમાં ઘણા બધા એવા કિસ્સાઓ પણ બનતા આવ્યા છે કે જેમાં કેટલીક વ્યક્તિઓને, વિશેષ કરીને બાળકોને, પોતાના પાછલા જન્મોની સ્મૃતિ આવતી હોય અથવા પૂર્વ જીવનની કેટલીક ઘટનાઓની યાદ સ્મૃતિપટ પર તાજી થઇ જતી હોય. આ કિસ્સાઓ "નેચરલ રીકલેક્શન ઑફ પાસ્ટ બર્થ" તરીકે ઓળખાય છે. આવા કિસ્સાઓનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ આપણા દેશમાં તેમજ વિદેશમાં ઘણાં બધા પરમનોવિજ્ઞાનિકો દ્વારા થયેલ છે. આનાથી પણ એ વાતને સમર્થન મળે છે કે, જન્મ પહેલાં જીવન હતું અને મૃત્યુ પછી પણ જીવન છે અર્થાત્ આત્માનો પુનર્જન્મ યા "રીબર્થ" નિશ્ચિત છે. આ ઉપરાંત બધાજ કિસ્સામાં



બધ્ધાનો  આગલો જન્મ મનુષ્યના રૂપે જ હતો. આ  એ પણ સિધ્ધ કરે છે કે મુનુષ્ય પોતાનો પુનર્જન્મ મનુષ્યના રૂપમાં જ લે છે.

મનોવિજ્ઞાનની કેટલીક ટેકનીકો દ્વારા, જેમાં સંમોહન વિદ્યા (હિપ્નોટિક રીગ્રશન) ઉલ્લેખનીય છે, તેમજ અન્ય વિજાણું સાધનો દ્વારા કેટલીક વ્યક્તિઓને પ્રગાઢ નિંદ્રામાં લઇ જઇ તેમના પાછળના જન્મોની સ્મૃતિઓને વૈજ્ઞાનીકોએ યાદ કરાવી તેનું વર્ણન કરાવ્યું છે. આવા અનેક પ્રયોગો અમેરિકાની ઘણી બધી યુનિવર્સિટીઓમાં થઇ રહ્યા છે. જેમાં "જેન ઇવાન્સ' નામની મહિલાનો કિસ્સો ઉલ્લેખનીય છે. "આરનેલ બોક્ષહામ" નામના હિપ્નોથેરેપીસટે જેન ઇવાન્સ પર હિપ્નોટિક રીગ્રેશનના પ્રયોગો કરી તેના પાછલા ૬ જન્મોની સ્મૃતિઓ તાજી કરાવી હતી. બોક્ષહામ દ્વારા આવા લગભગ ૪૦૦ જેટલા હિપ્નોટિઝમના સફળ પ્રયોગો કરવામાં આવ્યા છે, જેમાં ઇવાન્સનો કિસ્સો મહત્તવનો ગણાય છે. તેણે પોતાનાં છ એ છ જન્મો મનુષ્યના રૂપમાં જ વર્ણવ્યા છે. આવા અભ્યાસથી મળેલ માહિતી પણ આત્માના અસ્તિત્વ તેમજ તેના અમરત્વનું સમર્થન કરે  છે. આ અભ્યાસ પુનાર્જન્મના સમર્થનની સાથે સાથે મનુષ્યાત્મા મનુષ્યયોનિમાં જ જન્મ લે છે એ  હકીકતનું પણ સમર્થન કરે છે. સાથે એ વાત પણ પ્રતિપાદિત થાય છે કે મનુષ્ય આત્મામાં તેને ભજવેલો  અનેક જન્મોનો પાર્ટ કાયમી રૂપે નોંધાયેલો છે. એના કારણે જ ભૂતકાળના જન્મો હિપ્નોટિક રિગ્રેશન તથા ભવિષ્યના જન્મો હિપ્નોટિક પ્રોગ્રેસન દ્વારા જાણી શકાય છે.

પુનર્જન્મના સિધ્ધાંતનું સમર્થન ગીતમાં પણ સ્પષ્ટ રૂપે કરવામાં આવ્યું છે

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**

**तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥        (अध्याय -२, श्लोक -२७)**

"અર્થાત્ જન્મેલાનું મરણ નિશ્ચિત છે અને મરેલાંનો જન્મ પણ નિશ્ચિત છે, તેથી ટાળી ના શકાય એવા વિષયમાં શોક કરવો એ તારા માટે યોગ્ય નથી."

ગીતાના ઉપરોક્ત શ્લોકોથી સ્પષ્ટ થાય છે કે આ નાશવંત શરીરથી ભિન્ન આપણે એક શાશ્વત અને સનાતન આત્મા છીએ. જન્મ અને મૃત્યુ એ તો શરીર રૂપી વસ્ત્રને બદલવાની પ્રક્રિયા માત્ર છે.

મારા સર્વ જન્મો કર્મના સિદ્ધાંતને આધિન છે. મારા કર્મોનું પરિણામ સુખ કે દુઃખના રૂપમાં મારે મનુષ્યના રૂપમાં જ ભોગવવાનું છે. સંપૂર્ણ સુખનો અનુભવ હું મારા સતોગુણી જન્મો દરમ્યાન કરું છું અને મારા તમોગુણી જન્મો દરમ્યાન મહ્દ અંશે હું દુઃખનો અનુભવ કરું છું. વૃધ્ધા અવસ્થાએ આપણું જીવન પ્રમાણમાં નિષ્ક્રિય, તેમજ નીરસ બની જાય છે. વિષેશ કાંઇ કરવાની ક્ષમતા આપણામાં રહેતી નથી. તેવે સમયે મૃત્યુ આપણા માટે આશીર્વાદ સમાન છે. મૃત્યુ આપણને એક નવું જીવન આપે છે કે જે ઉમંગ, ઉત્સાહ તથા તાજગીથી પરિપૂર્ણ હોય છે.

## (૬) કર્મ નો સિધ્ધાંત :




કર્મનો સિધ્ધાંત વિશ્વનાટકનો અત્યંત મહત્વપૂર્ણ તેમજ સમજવા યોગ્ય સિધ્ધાંત છે, કારણકે આ સિદ્ધાંતને સમજવાથી વ્યક્તિના વિચાર, વાણી અને વર્તનમાં સહજ પરિવર્તન આવી શકે છે અને તે વિકર્મોથી અર્થાત્ પાપકર્મોથી બચી શકે છે.

આ સિદ્ધાંત વિશે સંત તુલસીદાસે લખ્યું છે કે,

***"कर्म प्रधान विश्‍व रचि राखा, जो जस करइ सो तस फल चाखा"***

***અર્થાત્ સમગ્ર વિશ્વની રચના કર્મ પ્રધાન છે. જે જેવું કર્મ કરશે તે તેવું ફળ ચાખશે .***

આ વિશ્વ-રૂપી રંગમંચ પર જ્યારથી મનુષ્ય આત્મા શરીર-રૂપી વસ્ત્રને ધારણ કરી પાર્ટ ભજવવા માટે આવે છે ત્યારથી જ તેની દરેક પ્રવૃત્તિ કર્મ બની જાય છે, જેમકે ઊઠવું, બેસવું, ખાવું, પીવું, વિચારવું, ઈત્યાદિ.

કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો કે સુક્ષ્મેન્દ્રિયો (મન તથા બુદ્ધિ) દ્વારા જે પણ પ્રવૃત્તિ આપણે કરીએ છીએ તે આપણાં કર્મ બની જાય છે. આ સૃષ્ટિ પરની કોઈપણ વ્યક્તિ કર્મ વિના રહી શકતી નથી. કોઈ વ્યક્તિ કદાચ પોતાની સર્વ ઇન્દ્રિયોને સમેટીને બેસી જાય અને કહે છે કે તે કોઈ જ કર્મ કરી રહી નથી, તો તેની ભૂલ છે, કારણકે આંખનો પલકારો થવો તે પણ એક કર્મ જ છે. શ્વાસોચ્છવાસને પણ કર્મ જ કહેવાય. શરીર છે તો કર્મ જરૂર છે.

## કર્મના ત્રણ પ્રકાર :-

***(૧) વિકર્મ યા દુષ્કર્મ, (૨) અકર્મ યા સાધારણ કર્મ***

***(૩) સત્કર્મ યા સુકર્મ***

કર્મની ગતિ ખૂબ જ ગહન છે, તો આ ગુહ્ય બાબતને આપણે વર્તમાન સમયને આધારે સમજવાનો પ્રયત્ન કરીશું.

### *(૧) વિકર્મ યા દુષ્કર્મ,*

વર્તમાન સમયે પ્રત્યેક વ્યક્તિ આત્માની વિસ્મૃતિ ને કારણે પોતાને આત્મા સમજવાને બદલે દેહ સમજે છે. પરિણામે તે જીવન દરમ્યાન દેહ અભિમાન વશ, અનેક વિષય-વિકારો ( કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષા, સ્વાર્થ, રાગ, દ્વેષ, ઇત્યાદિ) ના પ્રભાવમાં આવીને જે કર્મ કરે છે તે કર્મ વિકર્મ બને છે. આવા કર્મોના ફળ સ્વરૂપે વ્યક્તિ દુઃખ, અશાંતિ, રોગ, શોકની અનુભૂતિ કરે છે. બીજા શબ્દોમાં જે કર્મ સ્વયં માટે, અન્ય માટે તેમજ પ્રકૃતિ માટે દુઃખદાયક કે હાનિકારક હોય તેને દુષ્કર્મ અથવા પાપકર્મ કહેવાય છે.

### *(૨) અકર્મ યા સાધારણ કર્મ:*

ઘણાબધા એવા પણ કર્મો છે, જેનાથી ન કોઈને દુઃખ કે હાનિ પહોંચે છે કે ન તેમાં કોઈનું વિશેષ હિત સમાયેલું હોય છે, તેવા કર્મો અકર્મ યા સાધારણ કર્મ કહેવાય છે. બીજા શબ્દોમાં, જે કર્મનું પુણ્ય કે પાપનું ખાતું

બનતું નથી તે કર્મ અકર્મ છે. ખાવું, પીચું, સૂવું, ઊઠવું, બેસવું, શ્વાસ લેવો, આ બધા પ્રાકૃતિક કર્મોને અકર્મ કહીશું.

## *(૩) સત્કર્મ યા સુકર્મ:*

જે કર્મ દ્વારા સ્વયંનું, વિશ્વની અન્ય આત્માઓનું, પ્રકૃતિ કે અન્ય જીવસૃષ્ટિનું કોઈ પણ પ્રકારે હિત થતું હોય, કલ્યાણ થતું હોય,રક્ષણ થતું હોય તેવા કર્મો સત્કર્મ કહેવાય છે. બીજા શબ્દોમાં જે વ્યક્તિ પરમપિતા પરમાત્મા પાસેથી સ્વયંદર્શન, પરમાત્મદર્શન, વિશ્વદર્શન અને સમયદર્શનનું વિવેકપૂર્ણ તેમજ સત્ય જ્ઞાન પ્રાપ્ત કરીને યોગયુક્ત સ્થિતિમાં (અર્થાત્ આત્મિક સ્મૃતિમાં) સ્થિત થઈને નીતિ પ્રમાણિક્તાપુર્વક જે કર્મ કરે છે તે સુકર્મ બને છે. આત્મિક સ્મૃતિમાં સ્થિત રહી, સર્વ પ્રતિ કલ્યાણના ભાવથી, નિઃસ્વાર્થ ભાવે જે કર્મ કરે છે તેને શ્રેષ્ઠ કર્મ કહેવાય છે.



આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ. એક નાનકડા ગામમાં એક વૃદ્ધ કિસાન પોતાની વાડીમાં આંબા રોપી ગુજરાન ચલાવે છે. દર વર્ષે કેરીની ફસલ ખૂબ સુંદર આવે છે. આ કેરીઓનો નિકાલ તે ત્રણ રીતે કરી શકે છે. ૧. કેરીઓને સામાન્ય નફો લઇ બરાબર વજન તોલી તે વેચે છે. આ થયું તેનું અકર્મ. આ કર્મનું પાપ કે પુણ્યનું કોઈ ખાતું બનતું નથી. ૨. તેમાંથી કેટલીક પાકી કેરીઓ તે ગરીબ બાળકોને નિસ્વાર્થભાવે નિશુલ્ક આપે છે, તો આ થયું તેનું સુકર્મ યા પુણ્ય કર્મ. ૩. છેલ્લે બગડેલી અને નકામી કેરીઓ, સારી કેરીઓની નીચે ગોઠવી વધુ નફો લઇ વેચે તો તે થયું તેનું વિકર્મ યા પાપ કર્મ, જે તેને ભોગવું પડશે.